ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** **તા.૨૪–૦૨–૨૦૧૬**

પ્રતિ,

તંત્રી શ્રી,

..................................,

ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના યજમાન પદે યોજાયેલા
## વિક્રમ સારાભાઈ સ્પેસ એકઝીબીશનને ભાવનગરમાં મળ્યો જબ્બર પ્રતિસાદ.
## આવતીકાલે પ્રદર્શનનો છેલ્લો દિવસ

ઈસરોના SAC (સ્પેસ એપ્લીકેશન સેન્ટર) દ્વારા વિક્રમ સારાભાઈ સ્પેસ એકઝીબીશન ભાવનગર ખાતે શેઠ એચ. જે. લો કોલેજ, સરદારનગર ખાતે તા. ૨૪–૦૨–૨૦૧૬ ના રોજ સવારે ૯ કલાકથી આમ જનતા માટે ખુલ્લુ મુકાયુ હતુ.

આ એકઝીબીશનના ઉદઘાટન સમારોહમાં અતિથિ તરીકે ભાવનગરના યુવા કલેકટર શ્રી બંછાનિધી પાની, ભાવનગર રેન્જના પ્રથમ ડી. આય. જી. શ્રી અમીત વિશ્વકર્મા, એચ. જે. લો કોલેજના પ્રિન્સીપાલ શ્રી જીતેન્દ્રભાઈ પંડયા, ભાવનગર કેળવણી મંડળના પ્રમુખ શ્રી વીનુભાઈ પરીખ, ઈસરો અમદાવાદના વૈજ્ઞાનીકો શ્રી દિપકભાઈ પંડયા, ધાત્રીબેન ત્રિવેદી, જીજ્ઞેશભાઈ રાવલ તથા જે. બી. જોષી હાજર રહયા હતા. ઉપસ્થિત મહેમાનોએ પોતાના ટુકા વકતવ્ય આપ્યા જેમાં માન. કલેકટર શ્રી બંછાનિધી પાનીએ આમ જનતા માટે થતુ કાર્ય કઈ રીતે સેટેલાઈટ સાથે સંકળાયેલુ છે તે સમજાવ્યું તથા પોતાનાં અનુભવો આમ જનતા સામે રજુ કર્યા. ત્યાર બાદ ભાવનગર રેન્જના પ્રથમ ડી. આઈ.જી. શ્રી અમીત વિશ્વકર્માએ વિજ્ઞાનને લગતી પ્રેરક વાતો કરી પ્રોત્સાહન પુરૂ પાડયુ હતુ તથા SLV, ASLV, PSLV, GSLV વિશે વાતો કરી વૈજ્ઞાનીકો તથા આમ જનતાને અચરજમાં મુકયા હતા.

ઈસરો સંસ્થાના સિનિયર સાયન્ટીસ્ટ તથા એકઝીબીશન ટીમ લીડર શ્રી દિપકભાઈ પંડયાએ ઉદઘાટન સમારોહમાં આમ જનતાને સેટેલાઈટનું મહત્વ ખુબજ સરળ શૈલીમાં સમજાવ્યું. ઉપરાંત બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓને સાંકેતીક ભાષામાં માહિતી આપતા વિદ્યાર્થીઓ ભાવ વિભોર થયા.

આજના દિવસ દરમ્યાન ૫૫ શાળાના વિદ્યાર્થીઓ તથા નાગરીકો મળીને ૮,૩૦૦ થી વધુ લોકોએ એકઝીબીશનનો લાભ લીધો. ભાવનગર એસ્ટ્રોનોમી કલબના વોલીયન્ટર્સ તથા સ્કાઉટ ગાઈડના સભ્યોનો આ કાર્યક્રમમાં ઘણો સહયોગ રહયો હતો.

(હર્ષદ જોષી)
ઓફીસ ઈન્ચાર્જ
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

https://www.facebook.com/krcsc.bhavnagar
https://twitter.com/KalyanRCSC
https://in.linkedin.com/pub/kalyan-regional-community-science-center/a3/a44/875